# મુખ્ય માર્ગો પરનાં ‘કટ’ બંધ કરવા પોલીસ દરખાસ્ત કરશે

## માર્ગ અકસ્માતો અટકાવવા ટ્રાફીક પોલીસની તજવીજ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના પહોળા અને ખુલ્લા માર્ગોને પગલે માર્ગ અકસ્માતોની સંખ્યા વધવા લાગી છે. જેમાં જીવલેણ અકસ્માતોનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માતો અટકાવવા માટે શહેરના મુખ્ય માર્ગો પર વચ્ચે પાડવામાં આવેલા ‘કટ’ બંધ કરાવી સર્કલ ટુ સર્કલ ‘કટ’’ રાખવા માટે જિલ્લા ટ્રાફીક પી.આઈ. દ્વારા તંત્રને દરખાસ્ત મોકલવામાં આવશે. આડેધડ નીકળતા વાહનો અને આ બિનજરૂરી ‘કટ’ને કારણે અકસ્માતો વધુ સર્જાતા હોવાનું છેલ્લા ત્રણ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોના બનાવો પરથી ફલીત થાય છે.

પાટનગરમાં છેલ્લા ત્રણેક વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોની સંખ્યા ચિંતાજનક છે. જેને પગલે આ અકસ્માતો મોટે ભાગે કેવી જગ્યાએ થયા હતા તેનું અવલોકન કરવામાં આવતા શહેરના પહોળા માર્ગો પર બેફામ કરતા વાહનો અને શહેરના મુખ્ય માર્ગો પર બિનજરૂરી મુકાયેલા ‘કટ’ કારણભુત હોય તેમ જણાઈ આવ્યું છે. આ બિનજરૂરી ‘કટ’થી ગમે ત્યારે વાહનો વળાંક લઈ લેતા હોવાથી મોટા ભાગના અકસ્માતો સર્જાય છે. જેને પગલે અકસ્માતો નિવારવા માટે આવા મુખ્ય માર્ગો પરના બિનજરૂરી ‘કટ’ દૂર કરી તેને સદંતર બંધ કરવા અને સર્કલ ટુ સર્કલ ‘કટ’ રાખવાના સુચન વાળી દરખાસ્ત જિલ્લા ટ્રાફીક પોલીસ દ્વારા તંત્રને કરવામાં આવશે.

# ચંપાવતના કલાસીસમાં ફી પેટે ભરેલા ઉમેદવારોના લાખો રૂપિયા ફસાયા

## ૪૦ હજારથી એક લાખ સુધીની ફી વિદ્યાર્થી દીઠ ઉઘરાવી લેવાઈ છે અને હવે કલાસીસનાં પાટીયા પડી ગયા...!

ગાંધીનગર, તા.૨

કલ્યાણસિંહ ચંપાવત પાસે તલાટી બનવા રૂ. ૧૦-૧૦ લાખ ધરી દેનાર સંખ્યાબંધ ઉમેદવારોના લાખો કરોડો રૂપિયા તો ફસાયા જ છે પરંતુ જે નિતીથી પરીક્ષા પાસ કરવા કલાસીસમાં જોડાયા હતાં તેમના પણ લાખો રૂપિયા સલવાયા છે. વિદ્યાર્થી દીઠ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ માટે રૂ. ૪૦ હજારથી એક લાખ સુધીની ફી ઉઘરાવી લીધા બાદ ભરતી કૌભાડમાં જેલના સળીયા પાછળ ચંપાવત ધકેલાઈ જતાં કલાસીસ પણ બંધ કરી દેવાયા છે. જેથી કલાસીસનાં રૂપિયા ફી પેટે ભરી દેનાર વિદ્યાર્થીઓને કલાસીસનાં પાટીયા પડી જતા રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. તેમના ભરેલા રૂપિયા પરત મળશે કે કેમ? તે પણ એક મોટો પ્રશ્નાર્થ છે.

સ્માર્ટ એકેડેમીના સંચાલક કલ્યાણસિંહ ચંપાવતની સ્માર્ટ એકેડેમીમાં અંદાજે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે રૂ. ૪૦ હજારથી એક લાખ સુધીની ફી ચુકવીને અભ્યાસ કરવા જોડાયા હતાં. રૂપિયા એડવાન્સમાં ભરાવી દેવાની ચંપાવત સુચના પહેલેથી આપી દેતો હતો. લાખો રૂપિયા ફી પેટે વસુલી લીધા છે પરંતુ હવે જેલવાસ ભોગવી રહ્યા હોવાથી તમામ વિદ્યાર્થીઓના રૂપિયા સલવાઈ ગયા છે. કલાસીસને તાળા લાગી ગયા હોવાથી વિદ્યાર્થીઓ પણ અટવાયા છે અને તેમની ફી પરત કયારે મળે અને કયારે બીજી એકેડેમીમાં જોડાઈને તૈયારી શરુ કરે તે સવાલ કરી રહ્યા છે...!



# માનવતા મહેંકી ઉઠી પણ તંત્રની પોલ ઉઘાડી થઈ ગઈ

ગાંધીનગર, તા. ૨

આપણા નગરમાં રોજ-બ-રોજ વિકાસની નવીનીકરણની વાતો અધિકારીઓ અને વિવિધ સંસ્થાના પદાધિકારીઓ કરતા હોય છે. પરંતુ પાયાની નાની નાની સમસ્યાઓ જ્યારે મોટી થાય અને કોઈક ને કોઈને નુકશાન થાય ત્યારે સૌ કોઈ ‘અમે શું કરીએ’ કહી જગ્યા કરી લે છે.

બનાવની વિગત એવી છે કે રવિવાર સુમારે સેક્ટર-૧૦ ખાતે આવેલી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કચેરી સામે ખુલ્લી ગટરમાં એક ભેંસ પડી ગઈ હતી. રજા હોવાને કારણે અવર-જવર બીલકુલ ન હતી. પરંતુ ત્યાંથી પસાર થતાં એક સજ્જનને કંઈક અવાજ સંભળાતા તેણે ગટરમાં નજર નાંખતા એક ભેંસને જોઈ અવાક થઈ ગયા. તરત જ તેમણે હેલ્થ એન્ડ એનવાયરમેન્ટ લવર્સ પીપલના આકાશ અગ્રાવતને જાણ કરતા તેઓ ત્યાં તુરત પહોંચી ગયા અને ફાયર સ્ટેશને જાણ કરી. આ સમગ્ર ઘટના સવારે લગભગ ૧૦.૩૦ના સુમારે થઈ હતી. થોડીવારમાં ફાયરબ્રિગેડના માણસો ત્યાં આવી ગયા. સાથોસાથ સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના પદાધિકારીઓ પણ આ જીવદયાના કામમાં દોડીને પહોંચી ગયા. રજા હોવાને કારણે અધિકારીઓના સંપર્ક થઈ શકતા ન હતા. પરંતુ ત્યાં હાજર શાંતિભાઈ જે. પટેલ અને ગૌતમભાઈ જયસ્વાલે પોતાની કંપનીના જેસીબી બોલાવી આ મુંગા જીવને સહીસલામત બહાર કાઢવા પ્રયત્નો શરૂ કર્યા. લગભગ બે કલાકની સખત મહેમત બાદ ત્યાં હાજર લોકોની મદદથી ભેંસને ૧૦ ફૂટની ગટરમાંથી હેમખેમ બહાર કાઢી હતી. આ સમગ્ર રેસ્ક્યુ ઓપરેશનમાં ફાયરબ્રિગેડના સ્ટાફે પુરેપુરી સુજબુજથી અને ધીરજથી એક અબોલ જીવને નવુ જીવન આપ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરના ૩૮ હેડ કોન્સ્ટેબલને આસી. સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી

## ૧૪ પોલીસ કોન્સ્ટેબલની હે. કોન્સ્ટેબલ તરીકે બઢતી આપતા ગાંધીનગર એસ.પી.

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા ૧૪ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે અને ૩૮ હેડ કોન્સ્ટેબલને આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (એ.એસ.આઈ.) તરીકે બઢતીના આદેશ ગાંધીનગર એસ.પી. શરદ સિંઘલ દ્વારા કરવામાં આવ્યા છે.

આઈ.પી.એસ. કક્ષાના ઉચ્ચ અધિકારીઓથી માંડીને પી.આઈ., પી.એસ.આઈ. કક્ષાના પોલીસ અધિકારીઓની ડી.જી.પી. કક્ષાએથી બદલી અને બઢતીના આદેશો થવા પામ્યા છે ત્યારે પોલીસ કર્મચારીઓની પણ બઢતીના આદેશ ગાંધીનગર એસ.પી. દ્વારા કરી દેવામાં આવ્યા છે. ૧૪ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપ્યા ઉપરાંત પાંચ હથિયાર હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે અને ૩૩ બિન હથિયારી હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતીના આદેશ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ જારી કર્યા છે. ગાંધીનગરના ૧૪ પો.કો.ને અને ૩૮ હે.કો.ને પ્રમોશન થયા છે.

# ગુડા વિસ્તારમાં ૩૬ કરોડના વિકાસ કામોના લોકાર્પણ - ખામુહૂર્ત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજરોજ જનસુવિધાના





વિવિધ વિકાસ કામોનો લોકાર્પણ અને ખાતમુહૂર્ત નાણાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુંહતું. મંત્રી શ્રી નિતીનભાઈના હસ્તે ગુડા વિસ્તારમાં જનસુવિધાના રૂપિયા ૩૬ કરોડથી વધુના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ -સંગે નાણાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રમાં કોમ્યુનિટી હોલ, આર્ટ ગેલેરી અને એમ.ફી થિયેટર જેવા -જાને ઉપયોગી થાય તેવા કામોનું એક જ સંકુલમાં નિર્માણ કરવામાં આવ્યું છે, તે બદલ ગુડાના પદાધિકારીશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા. દદૂષ્ટિના પરિણામે ગુડા દ્વાર ગુડા વિસ્તારમાં શૂન્યમાંથી ખૂબ ઝડપી માળખાકીય સુવિધાઓના કામો મૂર્તિમંત કરવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા શહેરી વિકાસ માટે કરેલ નક્કર આયોજનના પરિણામો આજે ગુજરાતના શહેરોમાં જોવા મળી રહ્ઝાં છે.

ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૦માં રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડાની જવાબદારી મને સોંપી ત્યારે ગુડાના વિસ્તારનો વિકાસએ કેન્દ્રબિંદુએ હતો. વિકાસની સાથે સાથે ગાંધીનગરની હરિયાળા નગરની ઓળખ પણ ધ્યાને રાખવાની હતી. જેથી ગુડા વિસ્તારના તમામ માળખાકીય સુવિધાઓના કામો સાથે સાથે અન્ય વિકાસના કામો માટે સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગુડા દ્વારા કરવામાં આવેલ નજીકના ભવિષ્યમાં થનાર કામોની વિસ્તૃત આંકડાકીય માહિતી પણ આપી હતી.

મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કુડાસણ ગામ ખાતે રૂપિયા ૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડ્રેનેજ પંપીગ સ્ટેશન અને રાયસણ ગામ ખાતે રૂપિયા ૭ કરોડ ખર્ચે નિર્માણ પામેલ સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ રૂપિયા ૫ કરોડથી વધુના ખર્ચે સરગાસણ નજીક નિર્માણ પામનાર વિસામોનું અને રૂપિયા ૧૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર કલીયર વોટર પાઈપ લાઈનનું મંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભ ગુડાના મુખ્ય કારોબારી અધિકારી શ્રી ડી.તારાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આભારવિધી ગુડાના કાર્યપાલક ઈજનેર શ્રી રાજેશ જેઠવા કરી હતી.

આ -સંગે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુજરાત રાજય ખાદીગ્રામાધોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપના -મુખ શ્રી નૈલેશભાઈ શાહ, ગાંધીનગર તાલુકા પંચાયતના -મુખ શ્રી કાળુસિંહ ઠાકોર, તાલુકા ભાજપના -મુખ શ્રી શૈલેષભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો અને ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

# વાવોલ શાલ્વીક હોમ્સમાં વધુ એકવાર ઘરફોડ ચોરીનો પ્રયાસ

## એક જ મકાનમાં ત્રણ મહિનામાં ત્રીજીવાર તાળા તુટ્યા : ત્રણ તાળા તોડીને તસ્કરો ઘરમાં ઘુસ્યા..!

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં કોલવડા રોડ પર આવેલી શાલ્વીક હોમ્સ સોસાયટીમાં વધુ એક વાર તસ્કરો ત્રાટક્યા હતા. ગઈ રાત્રે એક મકાનનું તાળુ તોડીને ઘુસેલા તસ્કરોને હાથ કાંઈ ન આવતા ખાલી હાથ પરત ફર્યા હતા. ઘરફોડ ચોરીના પ્રયાસ અંગે પોલીસ ફરીયાદ થવા પામી નથી.

વાવોલ-કોલવડા રોડ પર સ્થિત શાલ્વીક હોમ્સ સોસાયટીના મકાન નં. ૨૭ને તસ્કરોએ ત્રણ મહિનામાં ત્રીજીવાર તસ્કરોએ નિશાન બનાવ્યુ છે. રાત્રી દરમ્યાન ત્રણ-ત્રણ તાળા તોડીને તસ્કરો મકાનમાં ઘુસ્યા હતા. તસ્કરોએ મકાનમાં પડેલો સામાન વેર-વિખેર કરી નાખ્યો હતો. પડોશીને અવાજ આવતા જાગી ગયા હતા. બુમાબુમ થતા તસ્કરો ભાગી છુટ્યા હતા. તસ્કરોના હાથે કોઈ કિંમતી ચિજવસ્તુ ન લાગતા ખાલી હાથે જવુ પડ્યુંહતું. નોંધનીય બાબત છે કે અગાઉ પણ બે વાર આ જ મકાનના તસ્કરો ત્રાટક્યા હતા. આ ત્રીજી વાર ચોરીનો પ્રયાસ થયો છે. મકાન માલીકે આ અંગે પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યુ છે.

# રૂપાલનાં વરદાયિની માતાનાં મંદિર સંકુલનું ૫૦ લાખના ખર્ચે નવીનીકરણ થશે

ગાંધીનગર, તા. ૨

જિલ્લાનાં -સિદ્ધ યાત્રાધામ એવા રૂપાલનાં વરદાયિની માતાનાં મંદિર સંકુલનાં રૂ. ૫૦લાખ નાં ખર્ચે થનારા નવીનીકરણ તથા, બેન્ક ઓફ બરોડા દ્વારા યુવક-યુવતીઓને સ્વરોજગારી માટે તાલીમ આપવા રૂ.એક કરોડનાં ખર્ચે થનારા અધતન મકાનનું જિલ્લાનાં -ભારી તથા નાણા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલનાં હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

રૂપાલના વરદાયિની માતાના દર્શન બાદ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે મંદિરના પરિસરમાં રૂપિયા ૫૦ લાખના ખર્ચે થનાર જનસુખાકારીનાં વિવિધ -કલ્પોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ સાથે મંદિરને દાનમાં આપવામાં આવેલા આર.ઓ. પ્લાન્ટ માટે દાતાશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.





આ ઉપરાંત,મંત્રી શ્રીના હસ્તે રૂપાલ ગામ ખાતે બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના નવીન મકાનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતુ.

રાજય સરકારની જવાબદારી ફક્ત વિકાસની કાર્યો કરવાની નહીં પણ ધર્મ-સંસ્કૃતિ-સંસ્કારની જાળવણી કરવાની છે. ૫૦ લાખના ખર્ચે નવીનીકરણની યોજના બનાવવા બદલ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે મંદિર પરિસરને પવિત્ર-દિવ્ય અને સ્વચ્છ રાખવા શ્રદ્ધાળુઓને અપીલ કરી હતી. શ્રી પટેલે રૂપાલ ગામનાં તળાવનું બ્યુટીફિકેશનની યોજના પણ સત્વરે પૂર્ણ કરવાની બાંહેધરી આપી હતી.

પવિત્ર યાત્રાધામ બોર્ડનાં ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ રૂપાલનાં વરદાયિની મંદિરનાં મહત્વ સમજાવતા જણાવ્યું કે મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન હેઠળ વર્તમાન સરકારે રાજયનાં વિવિધ પવિત્ર યાત્રાધામોમાં શ્રદ્ધાળુઓની સુવિધા માટે અનેકવિધ કાર્યો હાથ ધર્યા છે.

આ -સંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુજરાત ખાદી ગ્રામાધોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, ગુજરાત પવિત્રયાત્રા ધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ શ્રી અનિલભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન, ગાંધીનગર ભાજપના -મુખ શ્રી નૈલેશભાઈ શાહ, બેંક ઓફ બરોડાના ઝોનલ મેનેજર શ્રી એચ.એસ.શાહ, ગાંધીનગર મામલતદાર શ્રી ડી. જી. મોદી સહિત અનેક મહાનુભાવો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર સે. ૨૮ ખાતે આવેલ વસંતકુંવરબા કન્યા વિદ્યાલય તા. ૨૫મી ફેબ્રુઆરીએ સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. નટવરસિંહજી સોલંકીના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આ શુભેચ્છા સમારંભમાં શાળાના તેજસ્વી તારલાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા.

આ ઈનામ વિતરણ સમારોહમાં શાળામાં વિવિધ પ્રવૃત્તિઓમાં એક થી ત્રણ ક્રમાંકમાં સ્થાન મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામો અપાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે સોમનાથ કેળવણી મંડળના પ્રમુખ જિતેન્દ્રસિંહ સોલંકી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય દક્ષાબેન શુકલે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. સમારંભના પ્રમુખ તેમજ ભૂતપૂર્વ આચાર્ય વગેરેએ વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો આનંદ ઉઠાવ્યો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૩
સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૨૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૧૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦, ૮.૪૦
હસી તો ફસી : ૫.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૧૫, ૧૨.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૩૦, ૪.૩૦,૧૦.૩૦
હાઈવે : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
શાદી કે સાઈડ ઈફેકટ : ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
અનુરાધા : ૧૦.૧૫, ૪.૧૫
ગુન્ડે : ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ગુન્ડે : ૧૦.૦૦, ૪.૦૦
અનુરાધા : ૧.૦૦, ૧૦.૦૦
હાઈવે : ૭.૦૦

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. મલાભાઈ મસાભાઈ રબારી, (ઉ.વ. ૬૫) આરસીએલ, બી/૪, ગ્રીનસીટી સેક્ટર-૨૬, ગાંધીનગર.
- સ્વ. મોહનજી ખુશાલજી ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.ફતેપુરા, પેથાપુર, જિ. ગાંધીનગર.
- સ્વ. અનિલકુમાર જયંતિલાલ વ્યાસ (ઉ.વ. ૭૯) ૩૨, ઉર્જાનગર સોસાયટી, કુડાસણ, તા.જિ. ગાંધીનગર.
- સ્વ. મનોહરભાઈ છન્નુબાઈ પિવાલ (ઉ.વ. ૬૨) બ્લોક નં.૬૬/૪, છ-ટાઈપ, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સ્વ. અરૂણકુમાર હોથાજી ઠાકોર (ઉ.વ. ૬૮) મુ.પો. કુડાસણ, તા. જિ. ગાંધીનગર.